પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09-09-2024 Morning : 7.45 to 7.55

Day : Monday National News

આકાશવાણી સમાચાર નિકીતા શાહ વાંચે છે.

**************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દુબઇના યુવરાજ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે મંત્રણા કરશે
- ✓ વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકર આજે રિયાધમાં ભારત-ગલ્ફ કો-ઓપરેટિવ કાઉન્સિલના વિદેશ મંત્રીઓની પ્રથમ બેઠકમાં ભાગ લેશે
- ✓ ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ હેડક્વાર્ટર આજથી દિલ્હીમાં ત્રણેય સેવાઓના અધિકારીઓ માટે પ્રથમ સંયુક્ત ઓપરેશનલ સમીક્ષા અને મૂલ્યાંકન કાર્યક્રમ હાથ ધરશે.
- ✓ જીએસટી કાઉન્સિલની 54મી બેઠક આજે નવી દિલ્હીમાં યોજાશે
- ✓ સાતમા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત અત્યાર સુધીમાં એક કરોડ 79 લાખ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.
- ✓ પેરિસ પેરાલિમ્પિક્સનું રંગારંગ કાર્યક્રમ સાથે સમાપન – ભારતીય ટુકડીએ 7 સુવર્ણ સહિત કુલ 29 ચંદ્રકો જીત્યા.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## UAE-CROWN-PRINCE-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં દુબઇનાં યુવરાજ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે મંત્રણા કરશે. બંને નેતાઓ ભારત અને યુએઇ વચ્ચે દ્વિપક્ષીય સહકારને લગતા વ્યાપક મુદ્દાઓ પર મંત્રણા કરે તેવી સંભાવના છે.

દુબઇનાં યુવરાજ ગઈ કાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની સાથે યુએઇ સરકારના કેટલાંક મંત્રીઓ અને વેપારી પ્રતિનિધિમંડળ આવ્યું છે. આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે. આવતી કાલે તેઓ મુંબઇમાં બિઝનેસ ફોરમમાં હાજરી આપશે, જેમાં બંને દેશોનાં ઉદ્યોગપતિઓ ભાગ લેશે.

2022-23માં ભારત-યુએઇ વચ્ચેનો વેપાર 85 અબજ ડોલર પર પહોંચ્યો હતો. ચીન અને અમેરિકા બાદ યુએઇ ભારતનું ત્રીજું સૌથી મોટું વેપારી ભાગીદાર છે.

પૂલ – અનિલ – નવીન

## JAISHANKAR - RIYADH

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે રિયાધમાં ભારત-ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના વિદેશ મંત્રીઓની પ્રથમ બેઠકમાં ભાગ લેશે. આ મહત્વપૂર્ણ બેઠકનો ઉદ્દેશ્ય ભારત અને ખાડી દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવાનો છે.

આ બેઠકમાં  વેપાર, રોકાણ અને ઉર્જા સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે આ ઉપરાંત, ડૉ. જયશંકર જીસીસીના સભ્ય દેશોના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

દરમિયાન  ડૉ. જયશંકરે ભારત અને સાઉદી અરેબિયા  વચ્ચેના ઐતિહાસિક સંબંધો પર ભાર મૂકતા સાઉદી અરેબિયાના તેમના પ્રવાસના પ્રથમ દિવસે ગઇકાલે રિયાધમાં મુખ્ય સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લીધી હતી.

પૂલ – નિકીતા – નવીન

DEFENCE-CORE PROGRAMME

ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ હેડક્વાર્ટર આજથી દિલ્હીમાં ત્રણેય સેવાઓના અધિકારીઓ માટે પ્રથમ સંયુક્ત ઓપરેશનલ સમીક્ષા અને મૂલ્યાંકન કાર્યક્રમ હાથ ધરશે.

આ પાંચ દિવસીય કાર્યક્રમ, ત્રણેય સેવાઓના મેજર જનરલ અને તેમના સમકક્ષ અધિકારીઓ સહિત સંરક્ષણ, વિદેશ અને ગૃહ મંત્રાલયના અધિકારીઓ માટે આયોજિત કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વ્યૂહાત્મક યોજનાઓ બનાવવાનો, ભવિષ્યના જોખમો, પડકારો અને સંઘર્ષોની માટે તૈયાર રહેવાનો છે. તથા આ કામગીરી માટે સક્ષમ વાતાવરણ બનાવવા માટે વિવિધ સેવાઓ વચ્ચે સંકલન અને એકીકરણને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમ દરમિયાન દરરોજ ચોક્કસ વિષયો પર નિષ્ણાતો દ્વારા પેનલ ચર્ચાઓ અને વ્યાખ્યાન આપવામાં આવશે.

પૂલ – નીકીતા – નવીન

GST COUNCIL - MEETING

વસ્તુ અને સેવા કર -જીએસટી કાઉન્સિલની 54મી બેઠક આજે નવી દિલ્હીમાં યોજાશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ આ બેઠકની અધ્યક્ષતા કરશે.

ઉલ્લેખનીય છે કે કાઉન્સિલની છેલ્લી બેઠક આ વર્ષે જૂનમાં મળી હતી. આ બેઠકમાં કાઉન્સિલે તમામ પ્રકારના સ્ટીલ, આયર્ન અને એલ્યુમિનિયમના દૂધના ડબ્બા પર 12 ટકા જીએસટીના એકસમાન દરની ભલામણ કરી હતી. કાઉન્સિલે એવી પણ ભલામણ કરી હતી કે ભારતીય રેલ્વેની સેવાઓ માટે સામાન્ય લોકો પર GST ન લગાવવો જોઈએ. આ સેવાઓમાં પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ, રિટાયરિંગ રૂમ અને વેઇટિંગ રૂમની સુવિધાઓ અને બેટરી સંચાલિત વાહન સેવાનો સમાવેશ થાય છે.

પૂલ – નિકીતા – નવીન

CONG HARYANA LIST

કોંગ્રેસે આગામી હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે વધુ નવ ઉમેદવારોની જાહેરાત કરી છે.

પૂર્વ સાંસદ બ્રિજેન્દ્ર સિંહ ઉચાના કલાન વિધાનસભા બેઠક પરથી મોહિત ગ્રોવર ગુરુગ્રામ બેઠક પરથી ચૂંટણી લડશે. અગાઉ, કોંગ્રેસે 90 સભ્યોની રાજ્ય વિધાનસભા માટે 32 ઉમેદવારોની જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે  હરિયાણામાં આવતા મહિનાની 5 તારીખે મતદાન થશે.

પૂલ – નિકિતા – નવીન

RASHTRIYA-POSHAN-MAAH

સાતમા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત અત્યાર સુધીમાં એક કરોડ 79 લાખ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

1લી સપ્ટેમ્બરથી શરૂ થયેલો પોષણ મહિનો આ મહિનાની 30મી સુધી ચાલુ રહેશે. આ અભિયાનની શરૂઆત ગુજરાતમાંથી કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન એનિમિયા, સંતુલિત વિકાસ, પૂરક આહાર અને પોષણ, શિક્ષણ અને વધુ સારા વહીવટ માટે ટેકનોલોજી પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અભિયાન દરમિયાન, એક પેડ મા કે નામ પહેલ દ્વારા પર્યાવરણીય સંરક્ષણ પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત 13 લાખ 95 હજાર આંગણવાડી કેન્દ્રોને વૃક્ષારોપણમાં સામેલ કરવામાં આવશે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે કહ્યું કે અત્યાર સુધીમાં પૂરક આહાર સંબંધિત 20 લાખથી વધુ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશભરના વિવિધ રાજ્યોના 756 જિલ્લા જાગૃતિ અભિયાનમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે અને લોકોને પોષણ સંબંધિત માહિતી પૂરી પાડી રહ્યા છે.

પૂલ – નીકીતા – નવીન

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . .

ડેસ્ક

SEMICON INDIA

ઉત્તર પ્રદેશ સરકારે ગ્રેટર નોઈડાના ઈન્ડિયા એક્સ્પો માર્ટમાં સેમિકોન ઈન્ડિયાનું આયોજન કર્યું છે આ 11 થી 13 સપ્ટેમ્બર સુધી યોજાનાર આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય દેશના સેમિકન્ડક્ટર ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો અને આ ક્ષેત્રમાં ભારતને નોંધપાત્ર વૈશ્વિક હરીફ તરીકે સ્થાપિત કરવાનો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 11 સપ્ટેમ્બરે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહેશે.

આ વર્ષે સેમિકોન ઈન્ડિયા એક્ઝિબિશન અને કોન્ફરન્સ, દક્ષિણ-પૂર્વ એશિયાના સૌથી મોટા ઈલેક્ટ્રોનિક્સ મેળાઓ - 'ઈલેક્ટ્રોનિકા ઈન્ડિયા' અને 'પ્રોડ્યુક્ટ્રોનિકા ઈન્ડિયા' સાથે સાથે યોજાશે. આ કાર્યક્રમમાં સ્વદેશી અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ ભાગ લેશે જેઓ ભારતના સેમિકન્ડક્ટર સેક્ટરને મજબૂત બનાવવાની અને વેપારની નવી શક્યતાઓ શોધવાની તકો પૂરી પાડશે.

પૂલ – નીકીતા – નવીન

FPIs

વિદેશી રોકાણકારોએ સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ભારતીય મૂડી બજારોમાં લગભગ 11,000 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આંકડા અનુસાર, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ અથવા FPIs એ ઈક્વિટી માર્કેટમાં 10,978 કરોડ રૂપિયા અને ઋણ બજારમાં 367 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આમ વિદેશી રોકાણકારોએ આ મહિને ભારતીય મૂડી બજારોમાં કુલ રૂ. 11,345 કરોડનું રોકાણ કર્યું છે.

ઉલ્લેખનીય છે કે વિદેશી રોકાણકારોએ આ વર્ષે અત્યાર સુધીમાં ભારતીય મૂડી બજારોમાં 1 લાખ 60 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. જેમાં શેરમાં રૂ. 53 હજાર 859 કરોડ અને લોન સ્વરૂપે રૂ. એક લાખ નવ હજાર 274 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.

પૂલ – નીકીતા – દુર્ગેશ

PARALYMPICS

પેરિસ પેરાલિમ્પિક્સ 2024નું ગઈકાલે રાત્રે ફ્રાંસની રાજધાનીમાં રંગારંગ સમાપન સમારોહ સાથે સમાપન થયું છે. સમાપન સમારોહમાં તીરંદાજ હરવિંદર સિંહ અને દોડવીર પ્રીતિ પાલ ભારતના ધ્વજવાહક બન્યા હતા.

ભારતીય ટુકડીએ આ વર્ષે પેરાલિમ્પિક્સમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં 7 સુવર્ણ 9 રજત અને 13 કાંસ્ય સહિત કુલ 29 ચંદ્રકો જીત્યા છે.

આંતરરાષ્ટ્રીય પેરાલિમ્પિક કમિટીના પ્રમુખ એન્ડ્રુ પાર્સન્સે જણાવ્યું હતું કે ફ્રાન્સે, ભાવિ રમતો માટે નવો બેન્ચમાર્ક સેટ કર્યો કર્યો છે. શ્રી એન્ડ્રુએ પેરાલિમ્પિક ધ્વજ લોસ એન્જલસના મેયરને સોંપ્યો.. ઉલ્લેખનીય છે કે લોસ એન્જલસ 2028 માં આગામી પેરાલિમ્પિક સમર ગેમ્સનું આયોજન કરશે

પૂલ – નીકીતા – નવીન

INDIA-BANGLA-CRICKET-TEST

બાંગ્લાદેશ સામે  બે મેચની ક્રિકેટ ટેસ્ટ શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ શ્રેણી 19 સપ્ટેમ્બરથી શરૂ થશે. પ્રથમ ટેસ્ટ મેચ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે.

ભારતીય ટીમમાં કેપ્ટન રોહિત શર્મા ઉપરાંત વિરાટ કોહલી, કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, ઋષભ પંત, સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ, રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, આકાશ દીપ, જસપ્રીતનો બુમરાહ અને યશ દયાલનો સમાવેશ કરાયો છે. આ સાથે કેએલ રાહુલ અને ઋષભ પંતની  ટીમમાં વાપસી થઈ છે તો યશ દયાલ તેની પ્રથમ ટેસ્ટ રમશે.

પૂલ – નીકીતા  – નવીન

BOXING ASIAN CHAMPIONSHIP

ભારતીય બોક્સર દીપાલી થાપાએ ગઈકાલે UAEમાં પ્રથમ એશિયન સ્કૂલ ગર્લ્સ ચેમ્પિયનશિપ જીતી લીધી છે. આ જીત સાથે ભારતે આ સ્પર્ધામાં મહિલા વર્ગમાં સાત મહિલા ખિતાબ જીત્યા છે. . તેત્રીસ કિલોગ્રામ વજન વર્ગમાં દિપાલીએ યુક્રેનની લ્યુડમીલા વેસ્લાચીયેન્કોને પરાજય આપ્યો હતો.

તે જ સમયે, પાંત્રીસ કિલોગ્રામ વજન વર્ગમાં, ભૂમિએ કઝાકિસ્તાનની ખેલાડીને હરાવીને ભારત માટે બીજો  ખિતાબ જીત્યો. નિશ્ચલ શર્માએ પણ 37 કિગ્રા વજન વર્ગમાં યુક્રેનની ખેલાડીને હરાવી ભારતનું ત્રીજું ટાઇટલ જીત્યું .  43 કિગ્રા વજન વર્ગમાં રાખીએ યુક્રેનની ખેલાડીને હરાવી ભારત માટે ચોથો ખિતાબ જીત્યો

52 કિગ્રા વજન વર્ગમાં નાયતિકે કઝાકિસ્તાનની ખેલાડીને હરાવી તો 67 કિગ્રા વજન વર્ગમાં ત્રુસાના મોહિત નો વિજય થયો હતો અંતમાં  ગુરસીરત કૌરે છેલ્લું ટાઇટલ જીતીને દિવસનું સમાપન કર્યું.

પૂલ – નીકીતા – નવીન હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે

મારા સહયોગી ANIL PATEL

- ભારતમાં મન્કીપોક્સના શંકાસ્પદ કેસ અંગેના સમાચારને ફુલછાબ અને સંદેશે હેડલાઇન બનાવી છે, જ્યારે રાજસ્થાન પત્રિકાએ અને નવગુજરાત સમય પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની કાશ્મીર મુલાકાતનાં સમાચારને હેડલાઇન બનાવતા ગુજરાત સમાચારે શિર્ષક બનાવ્યું છે- પાકિસ્તાનનું વર્તન ઓરમાયું, પીઓકે ભારતમાં ભળી જાય
- લખપત-અબડાસામાં ભેદી બિમારી અંગેનાં સમાચારને તમામ દૈનિકોએ છેલ્લાં પાને સ્થાન આપ્યું છે.
- નવગુજરાત સમયની હેડલાઇન છે- રાહુલ ત્રણ દિવસની અમેરિકા યાત્રાએ, ભારતીયો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત
- દિવ્ય ભાસ્કરે પેરિસ ઓલિમ્પિકની પેરાલિમ્પ્ક સાથે સરખામણી કરીને પ્રસિધ્ધ કરેલા અહેવાલમાં જણાવ્યું છે કે, ઓલિમ્પિકમાં છ ચંદ્રકની સરખામણીમાં પેરાલિમ્પિકમાં ભારતે 29 ચંદ્રક જીત્યા છે
- ગુજરાત સમાચાર લખે છે – હાઈવે બનાવવાના રૂ. 1896 કરોડના ખર્ચ – ટોલ ટેક્સ પેટે રૂ. 8349 કરોડની વસુલાત